# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા (સામખીયારીવાળા)
ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત વાર્ષિક પરીક્ષા જૈનશાળા/મહિલામંડળનું પેપર
તા. ૨૩-૦૮-૨૦૧૫ • સમયઃ બપોરે ૨ થી ૫ • શ્રેણી : ૧૮ • ગુણ : ૧૦૦
(Dharmik Shikshan Board Certificate Course Level : 18)

પ્ર. : ૧. ક) પાઠ પૂર્તિ કરો (અર્થ સાથે) (૧૫)

કિલામો .................................. જત્તાભે ? ૩

ખ) નીચેના શબ્દોના અર્થ લખો : (૧) કુક્કુઈએ (૨) કાલાઈક્કમે (૩) કંખા (૪) કઓ ૨

ગ) નીચેના પ્રશ્નોના જવાબ લખો :

(૧) જિનવચનમાં શંકા કરાય ? કારણ આપો. ૨

(૨) શું સાધુ-સાધ્વીજીઓ જ દાનને પાત્ર છે ? ૨

(૩) છઠ્ઠા વ્રત અને દશમા વ્રતમાં શું ફરક છે ? ૨

(૪) "ઇચ્છામિ-ઠામિ"ને સાર-પાઠ શા માટે કહેવામાં આવે છે ? ૨

(૫) બ્રહ્મચર્યના પાલનથી શું લાભ થાય ? ૨

પ્ર. : ૨. આચારાંગ સૂત્રના આધારે જવાબ આપો : (૫)

(૧) ભગવાને હેય, ઉપાદેય, તત્ત્વોને જાણીને શું કર્યું હતું ? ૧

(૨) ભગવાન કયા આસને બેસી ધર્મધ્યાન કરતા હતા? ધ્યાનમાં શેનું ચિંતન કરતા હતા? ૨

(૩) ભગવાન પોતાની ઇન્દ્રિયોને ગુપ્ત કેવી રીતે રાખતા હતા ? ૨

પ્ર. : ૩. ઠાણાંગ સૂત્રના આધારે જવાબ આપો : (૧૦)

(૧) કઈ વયમાં આત્મા કેવળી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરી શકે છે ? ૨

(૨) દેવ કેટલા પ્રકારે પશ્ચાતાપ કરે છે ? ૨

(૩) કયા કારણોથી શ્રમણ મહાનિર્જરા અને મહાપર્યવસાનવાળા થાય છે ? ૨

(૪) કયા ત્રણ પર્વત વલયાકાર છે ? ૨

(૫) એક રાત્રિની ભિક્ષુ પ્રતિમાનું સમ્યક્ પ્રકારે પાલન કરનારને શેની પ્રાપ્તિ થાય છે ? ૨

પ્ર. : ૪. જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે જવાબ લખો : (૧૦)

(૧) વિજય ચોર કેવો હતો ? ૪

(૨) વિજય ચોર જેવી દશા કેવા સાધુની થાય છે ? ૧

(૩) ધન્ય સાર્થવાહનું સ્વાગત ભદ્રાએ કેમ ન કર્યું ? ૨

(૪) સુબુદ્ધિ પ્રધાને ખાઈના પાણીને શુદ્ધ કેવી રીતે બનાવ્યું ? ૩

પ્ર. : ૫. ક) ઉપાશકદશાંગ સૂત્રના આધારે જવાબ લખે : (૧૦)

(૧) પિશાચ રૂપધારી દેવે કામદેવને કેવા વચનો સંભળાવ્યાં ? ૪

(૨) કામદેવને ડગાવવા અસમર્થ દેવે ક્ષમા માંગતા શું કહ્યું ? ૨

(૩) કામદેવ ગાથાપતિની સંપત્તિનું વર્ણન કરો. ૨

(૪) કામદેવ શ્રાવકનું તપ લખો. ૨

(પાછળ જુઓ)

પ્ર. : ૫. ખ) અંતગડ સૂત્રના આધારે જવાબ લખો : (૫)

(૧) અંતગડ સૂત્રના ત્રીજા વર્ગના કેટલા અધ્યયન છે? પહેલા પાંચ અધ્યયનના નામ લખો. ૩

(૨) અનીકસેન અણગાર સંલેખના કયા પર્વત પર અને કેટલા સમયની હતી ? ૧

(૩) અનીકસેનના માતા-પિતાનું નામ લખો. ૧

પ્ર. : ૬. અનુત્તરોવવાઈ સૂત્રના આધારે જવાબ લખો : (૫)

(૧) ધન્ના અણગાર છઠ્ઠના પારણામાં કોની જેમ નીકળતા ? કેવી રીતે નીકળતા ? ૨

(૨) ધન્ના અણગારના પગ અને પગની આંગળીઓ તપના પ્રભાવે કેવી થઈ ગઈ હતી? ૩

પ્ર. : ૭. દશવૈકાલિક સૂત્ર પૂર્ણ કરો : (૧૫)

(૧) સે અસણં વા .......................... વોસિરામિ ૪

(૨) સે પુઢવિં વા .......................... ન ભિંદિજ્જા ૪

(૩) નીચેના શબ્દોના અર્થ લખો : ૩

૧) તાલિયંટેણ વા ૨) ન ઉજ્જાલાવિજ્જા ૩) ઉદઉલ્લં વા કાયં

૪) ઉવસંપજ્જિત્તા ૫) સંસેઈમા ૬) ઉદરંસિ વા

(૪) અર્થ પરથી માગધી / મૂળ શબ્દ લખો : ૪

૧) પધારી પર ૨) કપડાંના પાલવથી, ૩) હવા ખાનાર ૪) કાશ્યપ ગોત્રી

૫) બીજા પાસે ૬) નિચોવડાવે નહીં ૭) ધુમ્મસના પાણીનો ૮) ન ચાલે.

પ્ર. : ૮. થોકડાના આધારે જવાબ લખો : (૧૦)

(૧) અશૂન્યકાળ એટલે શું ? ઉદાહરણ સાથે સમજાવો. ૩

(૨) દેવમાં કાળનો અલ્પબહુત્વ લખો. ૨

(૩) સંસાર સંસ્થાન કાળ કયા આગમનો અધિકાર છે ? ૧

(૪) જ્ઞાન, તપ અને સંયમ ઇહભવિક છે, પરભવિક છે કે તદુભય ભવિક છે ? ૧

(૫) ચારિત્ર પરભવિક કે તદુભયભવિક કેમ નથી ? ૩

પ્ર. : ૯. થોકડાના આધારે જવાબ આપો : (૧૦)

(૧) ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થતા હોય તેવા ત્રણ બોલ લખો. ૩

(૨) છ સમય અને સાત સમય સુધી પ્રતિસમય નિરંતર સિદ્ધ થાય તો કેટલા સિદ્ધ થાય? ૨

(૩) સિદ્ધના ૩૩ બોલના અલ્પબહુત્વમાં ૧૧થી ૧૬મા બોલ સુધી લખો. ૩

(૪) "૨૫૬ રાશિ"માંથી પાંચમો અને છઠ્ઠો બોલ તથા ઢગલા લખો. ૨

પ્ર. : ૧૦. નીચેના પ્રશ્નના જવાબ લખો : (૫)

(૧) સમવાયાંગ સૂત્રના ૨૧, ૨૩, ૨૫મા સમવાયની વિગત લખો. ૩

(૨) ચિત્તસારથી કેવા પ્રધાન હતા ? તેમણે શું સંકલ્પ કર્યો હતો ? ૨

"જય જિનેન્દ્ર"